# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-05-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-મધ્યપ્રદેશ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મધ્યપ્રદેશની રાજધાની ભોપાલ ખાતે મહારાણી અહલ્યાબાઈ હોલ્કરની 300મી જયંતીના અવસરે "લોક માતા દેવી અહલ્યાબાઈ મહિલા શસક્તિકરણ" મહાસંમેલનમાં ભાગ લેશે. ઉપરાંત શ્રી મોદી વિવિધ વિકાસ કાર્યોનું શિલાન્યાસ અને લોકાર્પણ કરશે.

---------------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-બનાસકાંઠા:

સીમનું પાણી સીમમાં, ગામનું પાણી ગામમાં' રહે તેવા મંત્ર સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠા જિલ્લા ખાતેથી કૂવા રિચાર્જ અભિયાનનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે જનશક્તિને જળસંગ્રહ, જળસંચયના અભિયાનમાં જોડીને ગુજરાત વોટર ડેફિસીટ સ્ટેટમાંથી વોટર સરપ્લસ સ્ટેટ બન્યું.

શ્રી પટેલે જણાવ્યું કે બનાસકાંઠામાં ભૂગર્ભ જળના તળ ઊંચા લાવવા રાજ્ય સરકાર અંદાજે 50 હજાર રિચાર્જ કૂવા બનાવશે. જેનાથી જળસંચયના પ્રયાસો વધુ વેગવાન બનશે.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે જણાવ્યું કે જળસંચય માટે દેશમાં 24 લાખ 20 હજાર પાણીના સ્ટ્રક્ચર તૈયાર કરાયા છે.

વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું કે, બનાસ ડેરી જિલ્લામાં 25 હજાર રિચાર્જ કુવા બનાવશે જેમાં 50 ટકા સહાય બનાસ ડેરી દ્વારા ખેડૂતોને આપવામાં આવશે.

કેન્દ્ર સરકારના "જળ શક્તિ અભિયાન: કેચ ધ રેઇન – ૨૦૨૫" અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં "જળ સંચય જન ભાગીદારી" હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો.

---

## સુપ્રિમકોર્ટ-NEET-PG:

**સર્વોચ્ચ અદાલતે ગઈકાલે નિર્દેશ આપ્યો છે કે 15 જૂને યોજાનારી રાષ્ટ્રીય અનુસ્નાતક લાયકાત-સહ-પ્રવેશ પરીક્ષા (NEET-PG) બે શિફ્ટને બદલે એક જ શિફ્ટમાં લેવામાં આવે. ન્યાયમૂર્તિ વિક્રમ નાથની આગેવાની હેઠળની ખંડપીઠે અધિકારીઓને એક જ શિફ્ટમાં પરીક્ષા યોજવાની વ્યવસ્થા કરવા અને સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા જાળવવામાં આવે તેની ખાતરી કરવા નિર્દેશ આપ્યો છે.**

---

## રાજય-BSF-IG:

BSF ગુજરાતના મહાનિરીક્ષક-IG અભિષેક પાઠકે જણાવ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનના 600 થી વધુ ડ્રોનને BSFએ ભૂમિ અને હવાઈ દળની મદદથી નિષ્ફળ બનાવ્યા હતા. પહેલગામ આતંકી હુમલાની નિંદા કરતા શ્રી પાઠકે જણાવ્યું કે આ આતંકવાદી હુમલા બાદ ભારતને જરૂરી કાર્યવાહી કરવાની ફરજ પડી. તેમણે જણાવ્યું કે પાકિસ્તાને ગુજરાતની સરહદ પર ટેન્ક ગોઠવી દીધાની માહિતી મળતા જ ગુજરાત BSF એ દુશ્મનને યોગ્ય જવાબ આપવા માટે તૈયારી શરૂ કરી દીધી હતી.

---

## રાજ્ય-શાળા પ્રવાસ:

રાજ્યની શાળાઓના વિદ્યાર્થીઓના પ્રવાસ, ટુર, પિકનિક કે મુલાકાત જેવા કાર્યક્રમોમાં બે ગણવેશધારી પોલીસકર્મીઓની હાજરી ફરજિયાત બનાવાઇ છે. જો પ્રવાસમાં વિદ્યાર્થિનીઓ સામેલ હોય, તો મહિલા પોલીસકર્મીઓને સાથે રાખવા શિક્ષણ વિભાગના અગ્ર સચિવને

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે નિર્દેશ આપ્યો છે. આ કામગીરી માટે શાળાના આચાર્યએ સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા પણ તેમણે જણાવ્યું છે.

---

## પ્રસાર ભારતી-PB:

પ્રસાર ભારતીના પ્રસારણ અને પ્રચાર માટેના ઑડિઓ-વિઝ્યુઅલ પ્લેટફોર્મ પીબી શબ્દ એ યુટ્યુબર્સ, પોડકાસ્ટર્સ અને વિડીયો એડિટર્સને નિઃશુલ્ક સેવાઓ પ્રદાન કરવા માટે નોંધણી કરાવવા આમંત્રણ આપ્યું  છે. પીબી શબ્દ કૉપિરાઇટ-મુક્ત, અધિકૃત અને ઉપયોગ કરવા યોગ્ય સલામત સામગ્રી માટેનો એક ઉત્તમ સ્ત્રોત છે.

---

## રાજ્ય-મોકડ્રિલ:

આજે ઓપરેશન શિલ્ડ અંતર્ગત  બનાસકાંઠા, ગાંધીનગર,અમદાવાદ, જામનગર સહિતના જીલ્લાઓમાં મોકડ્રીલ યોજાશે. આ મોકડ્રીલ દરમ્યાન લોકોને યુધ્ધના માહોલમાં રાખવાની સાવચેતી અંગે  તાલીમ આપવામાં આવશે

---

## રાજય-આરોગ્યમંત્રી-MOU:

ગત વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ફાર્મા સેક્ટરના કુલ 370 જેટલા સમજૂતી કરાર-MOU થયા છે. જેમાંથી 175 પર કામગીરી ચાલી રહી છે, જ્યારે 153 પૂર્ણતાના આરે છે. આ MOUથી 11 હજાર કરોડ રૂપિયાનું મૂડીરોકાણ પ્રાપ્ત થયું છે, જેના થકી રાજ્યમાં 20 હજાર 141 લોકોને રોજગારી પ્રાપ્ત થઈ છે. એમ આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

---

## વિશ્વમાં તમાકુ નિષેધ દિવસ:

આજે તારીખ 31મી મે સમગ્ર વિશ્વમાં તમાકુ નિષેધ દિન તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. લોકોમાં તમાકુના વ્યશનથી થતાં નુકસાન અંગે જાગૃતિ લાવવા વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા સમગ્ર વિશ્વમાં વિશ્વ તમાકુ નિયંત્રણ દિવસ મનાવવામાં આવે છે. આ વર્ષની થીમ " અપીલને ઉજાગર કરવી:તમાકુ અને નિકોટીન ઉત્પાદનો પર ઉધોગની યુક્તિઓનો પરદાફાસ કરવો" છે .

---

## ક્રિકેટ-આઈ.પી.એલ:

આઇ.પી.એલની એલિમિનિટર મેચમાં મુંબઇ ઇન્ડિયન ટીમે ગુજરાત ટાઇટન્સને 20 રને હરાવી બીજી પ્લેઓફ મેચમાં સ્થાન મેળવ્યું છે, જ્યારે પોઇન્ટ ટેબલમાં 18 પોઇન્ટ સાથે ત્રીજા ક્રમે રહેલ ગુજરાત ટાઇટન્સ ટીમ સ્પર્ધામાંથી બહાર થઈ ગઇ છે.

ગઈકાલે ન્યૂ ચંદીગઢ ખાતેની મેચમાં મુંબઇની ટીમે 5 વિકેટ ગુમાવી 228 રન કર્યાં હતા. વળતા જવાબમાં ગુજરાતની ટીમ 6 વિકેટ ગુમાવી 208 રન કરી શકી હતી. બીજી પ્લેઓફમાં આવતીકાલે રવિવારે અમદાવાદ ખાતે મુંબઈ ઇન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાશે.

---